



શ્રી વીર મેઘમાયા



ડૉ.બાબાસાહેબ આંબેડકર



# શ્રી રામદેવપીર ચેરીટેબલ ટ્રસ્ટ

રજી. ઈ/૧૦૦૩૪/સુરત તા. ૧૩/૧૨/૨૦૨૪

સમાજના ભવન-પુસ્તકાલય નિર્માણના સંકલ્પ સાથે

આયોજિત

# ચતુર્થ સમૂહલગ્ન સમારોહ-૨૦૨૬

(અનુસૂચિત જાતિ)

# રૂા. 7,01,111/- માતબર રકમના
# આજીવન દાતાશ્રી



Since 1994
KP GROUP
www.kpgroup.co

## ડૉ. ફારૂક જી. પટેલ

ફાઉન્ડર, ચેરમેન-એમ.ડી., કેપી ગૃપ

### વિકાસની પાંખો પર કેપી ગૃપ સવાર :

રિન્યુએબલ એનર્જી અને ફેબ્રિકેશન–ગેલ્વેનાઈઝિંગ સેક્ટરમાં કામ કરતું **કેપી ગૃપ** હવે વિવિધ રાજ્યો અને વિદેશોમાં વિકાસની પાંખો ફેલાવી રહ્યું છે.

કેપી ગૃપે એશિયાનો સૌથી મોટો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ અને ગેલ્વેનાઈઝિંગ કેટલ ઈન્સ્ટોલ કર્યા છે.. **કેપી ગૃપ**ના તાજેતરના સીમાચિન્હોમાં ભરૂચ જિલ્લાના માતર ગામ ખાતે પ્રથમ 1 મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ એટલામાટે ખાસ છે કે આ ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ એશિયાના સૌથી મોટા ગેલ્વેનાઈઝિંગ કેટલમાં કરવામાં આવશે. જે તાજેતરમાં ભરૂચના માતર પ્લાન્ટમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. (ગેલ્વેનાઈઝિંગ એ સ્ટીલને સુરક્ષિત રાખવા માટેની એ મહત્વપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા છે.) કેટલના કુલ ઈંધણ પૈકી લગભગ અડધુ ઈંધણ ગ્રીન હાઈડ્રોજનના ઉપયોગ થકી લેવાશે.

આજે, **કેપી ગૃપ**ની કુલ 128 સોલાર–વિન્ડ અને હાઈબ્રિડ પ્રોજેક્ટ સાઈટ્સ છે. જેમાં સોલર, વિન્ડ, BESS અને હાઈબ્રિડ પાવરનો 6.5 ગીગાવોટનો પોર્ટફોલિયો અને 11,890 એકરથી વધુની લેન્ડ બેંક છે. ગૃપનું લક્ષ્ય 2030 સુધીમાં 10 ગીગાવોટની ક્ષમતા વટાવવાનું છે.

કેપી ગૃપની સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ ત્રણ કંપની **કેપીઆઈ ગ્રીન એનર્જી, કેપી એનર્જી, કેપી ગ્રીન એન્જિનિયરિંગ** મળીને કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 12850+ કરોડ (તા.20/01/2026 સુધી), 3339 કરોડ ટોટલ રેવન્યુ (9M-FY26), 4 લાખ મેટ્રીક ટન ટોટલ મેન્યુફેક્ચરિંગ કેપેસિટી અને 22 પ્રોડક્ટનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યારે 2200 કિમીનું ટ્રાન્સિશન નેટવર્ક ધરાવે છે. નાણાકીય પરિણામો (9M Fy26) મુજબ : KPI ગ્રીન એનર્જી અને કેપી એનર્જીએ સંયુક્ત રીતે રૂા. 28.029 મિલિયનની આવક નોંધાવી છે. (62% વૃદ્ધિ). રોકડ નફો રૂા. 6522 મિલિયન (82% વૃદ્ધિ) અને ટેકસ પછીનો નફો (PAT) રૂા. 4565 મિલિયન (57% વૃદ્ધિ) રહ્યો છે.

### ભારત અને વિદેશમાં વિસ્તરણ :

આમ તો ગુજરાત **કેપી ગૃપ**નો મજબૂત ગઢ છે, પરંતુ તેનો વિસ્તાર હવે દેશભરમાં ફેલાયો છે.

**મધ્યપ્રદેશ :** સોલર, વિન્ડ અને હાઈબ્રિડ પ્રોજેકટ્સમાં 1.8 GW ની પ્રતિબદ્ધતા.

**ઓડિશા :** રાજ્ય સરકારના સહયોગથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક્સ વિકસાવવામાં આવી રહ્યાં છે.

**મહારાષ્ટ્ર :** MAHAGENCO પાસેથી 100 MW નો સોલર પ્રોજેક્ટ મેળવ્યો છે.

**વિવિધતા :** કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડે તાજેતરમાં BSNL પાસેથી અત્યાર સુધીનો સૌથી માટો ઓર્ડર મેળવ્યો છે. જેમાં મહારાષ્ટ્ર, ગોવા, જમ્મુ–કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પડકારજનક વિસ્તારોમાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

**આંતરરાષ્ટ્રીય સ્તરે :** **કેપી ગૃપ** બોત્સ્વાનામાં 5 GW સુધીના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે. જ્યારે ગ્રીન હાઈડ્રોજન અને એનર્જી સ્ટોરેજ જેવા ક્ષેત્રોમાં UAE અને દક્ષિણ કોરિયા સાથે ભાગીદારી કરી રહ્યું છે.

### સામાજિક જવાબદારી :

**કેપી ગૃપ**ના સીએસઆર આર્મ **કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન** દ્વારા 300થી વધુ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જેમાં રોજ સાંજે ભૂખ્યાને ભોજન, સિવિલમાં છાંયડો સાથે મળીને વાર્ષિક 75000 લોકોને ભોજન, શહેરના દરેક વૃદ્ધાશ્રમોમાં મદદ, 110થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ અને સ્કોરલશીપ થકી અત્યારસુધી 14500 વિદ્યાર્થીઓને લાભ પહોંચાડયો છે. 7 લાખથી વધુનું વૃક્ષારોપણ, પશુ–પક્ષી જાળવણીઓ, કેન્સર સહિતની 10થી વધુ હોસ્પિટલોમાં મદદ સામેલ છે. વિશેષરૂપે દિવ્યાંગ વૃદ્ધો માટેનું 'પ્રભુનું ઘર' માટેનું વૃદ્ધાશ્રમ ઝગડિયામાં નિર્માણધીન છે. ગર્વમેન્ટની પાંચ સહિત કુલ સાત સ્કૂલ–કોલેજો દત્તક લીધી છે. 12થી વધુ હાઈટેક પુસ્તકાલયો–કોમ્પ્યુર–સાયન્સ લેબ અને સ્કૂલ–આંગણવાડી ડેવલપમેન્ટ કરવામાં આવી છે. આ અંગે **કેપી ગૃપ**ના ફાઉન્ડર, ચેરમેન–એમડી **ડો. ફારૂક જી. પટેલ**નું કહેવું છે કે, અમારૂ ધ્યાન સ્કેલની સાથે મજબૂત અમલીકરણ ક્ષમતાઓ ઊભી કરવા પર છે અને અમે જે કંઈ કરી રહ્યાં છે તેમાં માનવતાને પ્રાથમિકતા આપવા સાથે કરી રહ્યાં છીએ.

## આભાર સહ
## ચતુર્થ સમૂહલગ્ન સમારોહ આયોજક સમિતિ